અપીલ અરજી નં.૨૧૯ તા.૧૨–૮ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી દિવાકરપ્રસાદ હરીશચંદ્ર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી દિવાકરપ્રસાદ હરીશચંદ્ર મિશ્રાની તા.૧૫–૬–૧૧ની અરજીથી જય અંબે ગૃપ હાઉસીંગ સોસા., પ્લોટ નં.૨૪૮ ટેના નં.૬૮બી–૦૭–૨૪૨૧–૦–૦૦૧ વાળા પ્લોટમાં નામ ફેરફાર થયેલ છે જે કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલ છે જેની સંપૂર્ણ પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૨–૮–૧૧ ની **SMC/FAP/** નં.૨૧૯/૨૦૧૧–૧૨

શ્રી દિવાકરપ્રસાદ હરીશચંદ્ર મિશ્રાની તા.૧૫–૬–૧૧ની અરજીથી જય અંબે ગૃપ હાઉસીંગ સોસા., પ્લોટ નં.૨૪૮ ટેના નં.૬૮બી–૦૭–૨૪૨૧–૦–૦૦૧ વાળા પ્લોટમાં નામ ફેરફાર થયેલ છે જે કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલ છે જેની સંપૂર્ણ પ્રમાણિત નકલોની માહિતી આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) તરફથી કોઈ પ્રતિભાવ નિયત સમય અવધિમાં મળેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૨– ૮ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજૂ કરવા **તથા સાથે કલમ–૧૧ હેઠળની પ્રક્રિયાના તમામ કાગળોની નકલો તેમજ જાહેર સ્ત્રોત હેઠળની માહિતી નકલો સિવાય આપેલ છે કે કેમ ? તે જણાવવા** પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૬ તા. ૧૮–૮–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી જણાવેલ ન હોઈ તે તથા નારાજગી કઈ બાબતે છે તે આધાર સહ જણાવવા તથા ત્રાહિતના વાંધા સામે જાહેર હિત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/આ.નં.૭૧૮ તા.૩–૯–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત પક્ષકાર શ્રીમતિ શારદાબેન અચ્છાલા મૌર્યને પાઠવેલ પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/આ.નં.૪૪૨ તા.૪–૭–૧૧ ના પત્રની નકલ તથા ત્રાહિત વ્યકિતએ જાહેર માહિતી અધિકારીને આપેલ પ્રત્યુત્તર તા.૧૧–૭–૧૧ ના પત્રની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૪૮૯ તા.૧૫–૭–૧૧ ના પત્રની નકલ, અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૫–૬–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન / આરટીઆઈ/આ.નં.૪૮૯ તા.૧૫–૭–૧૧ થી મુદત પૂર્ણ થયાના પછીના દિને માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં માહિતી મળેલી નહીં હોવાનું જણાવી નારાજ થઈ તા.૧૨–૮–૧૧ ના રોજ અપીલ અરજી કરવામાં આવેલ. અરજદાર તરફથી પ્લોટ નં.૨૪૮ ટેના નં.૬૮બી–૦૭–૨૪૨૧–૦–૦૦૧ વાળી મિલ્કતનું નામ ફેરફાર થયેલ છે જે કયા દસ્તાવેજના આધારે કરવામાં આવેલ છે. તેની માહિતી તથા દસ્તાવેજોની નકલની માંગણી કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી મિલ્કત ધારણ કરનાર ત્રાહિત પક્ષકાર શ્રીમતિ શારદાબેન અચ્છાલાલ મૌર્યને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૪૨ તા.૪–૭–૧૧ થી આરટીઆઈ એકટની કલમ–૧૧ મુજબ પત્ર પાઠવી મિલ્કત ધારકનો અભિપ્રાય માંગવામાં આવેલ. જેના અનુસંધાને મિલ્કતધારક તરફથી સદર મિલ્કત વેચાણ દસ્તાવેજથી મેળવેલ હોય તેમના ખાનગી દસ્તાવેજો નહીં આપવા અંગે તા.૧૧–૭–૧૧ ના પત્રથી જણાવેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ નિર્ણય લઈ અરજદારને પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૪૮૯ તા.૧૫–૭–૧૧ થી " ત્રાહિત પક્ષકાર શ્રી શારદાબેન અચ્છાલાલ મૌર્યાએ માહિતી /નકલો આપવા અંગે વાંધો ઉઠાવી તે ન આપવા જણાવેલ છે. જેથી રાઈટ ટુ ઈન્ફર્મેશન એકટની કલમ–૧૧(૨) હેઠળ નકલો આપવા અંગે હું ઈન્કાર કરું છું. " તેવું જણાવેલ. જે અંગે નિર્દિષ્ટ સમયગાળામાં નહીં મળેલા નિર્ણયથી અરજદારે નારાજ થઈ અપીલ અરજી કરેલ છે. પરંતુ તે અંગે અત્રેથી અપીલ તબકકે અરજદારને પત્ર નં.આરટીઆઈ સેલ/૬૬૬ તા.૧૮–૮–૧૧ થી મુળ અરજીથી માંગેલ માહિતી જણાવેલ ન હોઈ તે તથા નારાજગી કઈ બાબતે છે તે આધાર સહ જણાવવા તથા ત્રાહિતના વાંધા સામે જાહેર હિત સ્પષ્ટ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી કોઈ પ્રત્યુત્તર કે વિગતો મળેલ નથી તેમજ જાહેર હિત વધારે અગત્યનું હોવાનું જણાવવામાં સફળ રહેલ નથી. આથી ત્રાહિત વ્યકિતના દસ્તાવેજો બાબતે જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય તેટલા પૂરતો ગ્રાહય રાખવામાં આવે છે. પરંતુ અરજદારને કયા દસ્તાવેજના આધારે નામ ફેર કરવામાં આવ્યું તેવી વિગતો પૂરી પડાયેલ જણાતી નથી. જે જાહેર માહિતી અધિકારીએ પૂરી પાડવાની રહે.

હુકમ.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા. ૧૫–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી કયા દસ્તાવેજના આધારે નામ ફેર કરવામાં આવ્યું જે અંગે માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની હેઠળ પૂરી પાડવા  એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવે છે.  જયારે ત્રાહિત વ્યકિતના દસ્તાવેજો બાબતે જાહેર માહિતી અધિકારીએ લીધેલ નિર્ણય ગ્રાહય રાખવામાં આવે છે અને તેટલા પૂરતી અરજી દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૯–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી દિવાકરપ્રસાદ હરીશચંદ્ર મિશ્રા,